# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા ૩૦/૬/૨૦૨૩

- **ભારતનો નકશો બનાવનાર ગુજરાતના પનોતા પુત્ર અને સમગ્ર દેશનુ ગૌરવ, યુગ પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ભુમિને ભાજપા સરકારનો અન્યાય યથાવત...- મનહર પટેલ**
- **સરદાર ભુમિનો અવાજ આણંદને મહાનગરનો દરજ્જો કેમ નહી ?**
- **વર્ષોથી કરમસદના લોકોની લાગણી અને માંગણી રહી છે કે કરમસદ ગામને રાષ્ટ્રીય ગામનો ખાસ દરજ્જો આપવામા આવે, જે ભાજપા સરકારે અવગણી છે.**

ગુજરાતના વધુ પાંચ શહેરને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો આપવાના રાજય સરકારના નિર્ણયને આવકારીએ પરંતુ હયાત નગરપાલિકામા સૌથી વધુ વસ્તી ધરાવતી આણંદ નગરપાલિકા બહાર કેમ ?

| | |
|---|---|
| ગાંધીધામ | ૪,૩૮,૦૦૦ |
| મોરબી | ૩,૭૮,૦૦૦ |
| નવસારી | ૩,૫૯,૦૦૦ |
| સુરેન્દ્રનગર | ૨,૪૪,૦૦૦ |
| વાપી | ૨,૨૪,૦૦૦ |

આણંદ નગરપાલિકાની વસ્તિ સંખ્યા – ૪,૦૦,૦૦૦ છે જો કરમસદ-૪૭૦૦૦ અને વિદ્યાનગર-૩૨,૭૦૦ ની વસ્તી સંખ્યા ધ્યાનમા લેવામા આવે તો આણંદ નગરપાલિકા વિસ્તારની ૪,૭૯,૭૦૦ થાય છે. જે જાહેર કરેલ પાંચ નગરપાલિકા કરતા વધુ છે. છતા આણંદને બાકાત રાખવામા આવી છે.

આજે પણ સરદાર સાહેબની ભુમિ કરમસદના લોકો કરમસદ ગામને ખાસ રાષ્ટ્રીય દરજ્જો મળે તેની માંગ સાથે લડાઈ લડી રહ્યા છે અને પરંતુ ખાસ દરજ્જો આપવામા આવેલ નથી. ૨૦૧૭ ની ચુંટણી સામે હતી ત્યારે ભાજપાના પુર્વં પ્રદેશ પ્રમુખ કરમસદમા ધરણા પર બેઠેલ કરમસદવાસીઓને આ અંગે વચન આપીને તેને પારણા કરાવેલ.

આમ ભાજપા સરકાર દિવસેને દિવસે સરદાર સાહેબના નામ સાથે જોડાયેલ સરકારી સંપતિઓના નામો બદલીને ગુજરાતની અસ્મિતા ઉપર પ્રહાર કરી રહી છે, ઉપરાંત સરદાર સાહેબના નામ સાથે જોડાયેલ સંસ્થાઓ કે સ્મારકોને સરકારી રાહે મળતી સહાય આપવામા પણ ઓરમાયુ વર્તન ભાજપાની રાજ્ય કે કેન્દ્રની સરકાર કરી રહી છે જે જગ જાહેર છે.

આ સાથે વધુ એક સરદાર સાહેબની ભુમિનુ અપમાન કરવાની તક ભાજપા સરકારે ઝડપી લીધી છે,જે નિંદનીય છે.

ગુજરાત કોંગ્રેસના પ્રવકતાશ્રી મનહર પટેલની રાજય કે કેન્દ્ર સરકાર પાસે સરદાર ભુમિના અવાજને સમર્થન આપીને જાહેર માંગ છે કે કરમસદને રાષ્ટ્રીય ગામનો ખાસ દરજ્જો આપવામા આવે અને આંણદ નગરપાલિકાને મહાનગર પાલિકાનો દરજ્જો આપવાનો નિર્ણય સંકોચ વગર ત્વરિત કરે.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ